સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ચોરી છૂપી ઘૂસે છે, ચીના ચાલબાજ હોય છે,
ભોંકે છાની છૂરી, ચીના પેંતરાબાજ હોય છે,
બાજ હોય છે નજર, સદા સરહદે ટાંપી -
થાય ન વિશ્વાસ, - કે ચીના દગાબાજ હોય છે.
(સરદાર પટેલનો અભિપ્રાય)

હાઇકુ

આવ્યો છે હવે,
ઓબામા પગ તળે -
રેલો આતંકી..
(અમેરિકી માનસિકતા)

સાલસ સેના,
દીઠી ગમતી નો'તી
બચાવ્યા પ્રાણ..
(કાશ્મીરી માનસિકતા)

ચિંતન

શ્રમેણ લભ્યં સકલં ન શ્રમેણ વિના કવચિત ।

'શ્રમ-પરિશ્રમ-મહેનતથી જ બધું જ પ્રાપ્ત થઇ શકે છે, પરંતુ મહેનત-પ્રયત્ન વિના કંઇ જ પ્રાપ્ત થતું નથી.'

આજકાલ બધાની વૃત્તિ-વગર મહેનતે-પરિશ્રમ કર્યા વિના જ-બધું જ મફત-આરામથી-મળી રહે એવી વૃત્તિ ધરાવતા થઇ ગયા છે. વિદ્યાર્થીઓ કંઇ પણ કષ્ટ કર્યા વિના ગાઇડ-બે દિવસમાં- કે વીવીઇમ્પોર્ટટંટ મેળવી કે પેપર ફોડી-ડીગ્રીઓ પરીક્ષા ઉતીર્ણ થવાના દાવ ખેલે છે અભ્યાસ-શિક્ષણ - એ તપ છે.

એવી જ રીતે કર્મચારીઓ કામ કર્યા વિના કે કૌભાંડ દ્વારા કમાણી ઇચ્છે છે ઇજનેરો-ડોકટરો ભેળસેળ અને ખોટા રિપોર્ટ ઓપરેશનથી કમાઇ લેવાની વૃત્તિ ધરાવે છે. 'નેતાઓ' તો 'મફત' 'લાભ' લોહીમાં ફરે છે..

પરિશ્રમ વિના શુભલક્ષ્મી કે કોઇ પણ બાબત નથી મળે તો ટકતી નથી એવી લક્ષ્મી રોગ-પીડા-ચિંતા આપે 'ખાધું' હોય એના કરતાં બમણું ઓકાવે છે. સંસ્કૃતમાં શ્લોક છે પાપકર્મની લક્ષ્મી દસ વર્ષથી વધારે ટકતી નથી.

સુવિચાર

- શાસ્ત્ર અને સંતોનો સમાગમ આત્માની મલિનતાને ટાળી ને શુદ્ધતા આપે છે. સત્સંગ અને આત્માનું ઔષધ છે - **પાંડુરંગ આઠવલે**
- સંચાર ક્રાન્તિ એ માણસ ને 'વાતોડિયો' બનાવ્યો, 'વાવડ ઉત્સુક' બનાવ્યો પણ 'વ્હાલ ઉત્સુક' બનતા નથી શીખવ્યું - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસાઇની ઇબાદત-પૂજા વગર માણસ-માણસ વચ્ચેનું અંતર કદાપિ ન ઘટે - **માનસસૂત્ર**
- કર્મ કરનારાની વૃત્તિ એવી પણ હોય છે, કે અમે કર્મ કરીએ તો તે કર્મના ફળ ચાખ્યા વગર ન રહીયે.. અને બીજી બાજુ કર્મ કરનારા એવા પણ હોય છે જો ફળ ચાખવાનો હક્ક અમને મળવાનો ન હોય તો અમે એ વેઠ કરવામાં માનતાન નથી - **ડોંગરેજી**
- કળા એટલે વિચાર, વાણી, વર્તનને યથાસ્થાને યોગ્ય સ્થાને મૂકવી - **હરિન્દ્ર દવે**
- જીભ એ બુદ્ધિના ખજાનાની ચાવી છે, ચાવી લગાવી ખજાનો ઉઘાડો નહીં ત્યાં સુધી ખબર કેમ પડે કે અંદર શું છે - **બાંગ્લા કહેવત**
- ઉત્તમ વસ્તુની ઉત્પત્તિ ઉચ્ચ સ્થાનોમાંથી થાય છે, ચંચળ અને ચમકતી વીજળીની ઉત્પત્તિ પણ આકાશમાંથી જ થાય છે - **કવિ કાલીદાસ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

જીવનમાં ઘણીવાર નિષ્ફળતા-મળે ત્યારે નિરાશ થઇ જવાય-હતાશા આવી જાય અને પ્રગતિ કે ધ્યેય પરથી મન વિચલિત થઇ જાય - એવા સમયે સંત-ગુરૂ-શિક્ષક કે કોઇ પુસ્તકની પ્રેરણા જો મળી જાય તો જીવનને દીવાદાંડી જેમ એક નવી દિશા મળી જાય.

જોસેફની ઇચ્છા મેડિકલ લાઇનમાં જવાની હતી પણ સારા ટકા ન આવતાં એમાં એડમીશન ન મળ્યું. દુ:ખ અને નિરાશાના ભારમાં દિવસો જવા લાગ્યા. જીવન ધ્યેય હીન જણાવા લાગ્યું. અને એક દિવસે ક્યારેય ચર્ચ તરફ ન જનારા જોસેફના પગ તેને ચર્ચમાં ખેંચી ગયા.

પાદરીનું વ્યાખ્યાન ચાલતું હતું 'જેણે તને આ પૃથ્વી પર તારી જીવનયાત્રા માટે મોકલ્યો છે એણે કોઇ હેતુ માટે જ મોકલ્યો છે તેથી તે સદાય તારી પડખે-તારી સાથે જ ચાલી રહ્યો છે તું કદાપિ એકલો નથી, પ્રભુકૃપા અને તેના માર્ગદર્શનનો પુનિત પ્રકાશ તારા માર્ગ પર છલકી રહ્યો છે. નિરાશા ખંખેરી નાખ- તારે વળી હતાશા કેવી - ઉઠ! ચાલવા માંડ તારી મંઝિલ સુધી ભગવાન ઇશુ તારી આંગળી પકડી લઇ જશે..'

જોસેફે ફરી ભણવામાં રસ લીધો અને ડો. જોસેફ 'ગરીબના મસીહા' તરીકે વિખ્યાત થઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

દરિયાની ઊંડાઇ માપવા માટે કયું સાધન વપરાય છે?

વિજ્ઞાનજગત

(૧) માનવ નખ કયા રસાયણના બનેલા હોય છે?
(અ) પ્રોટીન (બ) કેરોટીન
(ક) આયર્ન (ડ) હિમોગ્લોબીન

(૨) કયા તત્ત્વની હાજરીને કારણે દૂધ સફેદ હોય છે?
(અ) પ્રોટીન (બ) વિટામીન - એ
(ક) કેઝીન (ડ) ચરબી

(૩) સ્ટીમર પર સમય જાણવા કયા સાધનનો ઉપયોગ થાય છે?
(અ) પાયરોમીટર (બ) ક્રોનોમીટર
(ક) મેનોમીટર (ડ) એનીમોમીટર

(૪) નીચેનામાંથી કઇ ધાતુ છોડ માટે પોષક નથી?
(અ) સોડિયમ (બ) બોરોન
(ક) જસત (ડ) તાંબુ

(૫) બાળકની જાતિ કયારે નક્કી થાય છે?
(અ) શુક્રાણુના પ્રવેશ વખતે (બ) સગર્ભાના ત્રીજા માસે
(ક) અંડ ફલીકરણ પછી (ડ) સગર્ભાના ૬ માસે

(૬) ડર્મેટોલોજીસ્ટ કયા રોગની સારવાર આપે છે?
(અ) દાંત (બ) પેટ
(ક) ચામડી (ડ) મગજ

(૭) પૃથ્વીના પોપડામાં સૌથી વધુ પ્રમાણમાં મળી આવતી ધાતુ કઇ છે?
(અ) લોખંડ (બ) મેગ્નેશિયમ
(ક) કેલ્શિયમ (ડ) એલ્યુમિનિયમ

(૮) દાંતના સડાને દૂર કરવા ટૂથપેસ્ટમાં કયા પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે ?
(અ) સ્ટેઇનસ ફલોરાઇડ (બ) પોટેશિયમ
(ક) ટાર્ટરિક (ડ) સિલિકેટન

(૯) માનવ શરીરના ૨૩ થેડ રંગસૂત્ર વડે બનતી વ્યવસ્થાને કયા નામે ઓળખવામાં આવે છે?
(અ) ડીએનએ (બ) ક્રોમોસોમ
(ક) જેનોમ (ડ) જિનેટીકલ

(૧૦) નીચેનામાંથી કયા રેસામાં આગ ઝડપથી પ્રસરતી નથી?
(અ) નાયલોન (બ) પોલિસ્ટર
(ક) રૂ (ડ) ટેરિબીન

(૧૧) સૂર્યની શક્તિનો સ્રોત કયો છે ?
(અ) ગુરૂત્વાકર્ષણ શક્તિ (બ) પરમાણુ કેન્દ્રી શક્તિ
(ક) પ્રકાશ શક્તિ (ડ) ત્રણમાંથી એક પણ નહિ

(૧૨) અમીબા કઇ શ્રેણીનું પ્રાણી છે?
(અ) મોનાઝુઆ (બ) પ્રોટોઝુઆ
(ક) પેરાઝુઆ (ડ) જીવાશ્મિ

(૧૩) દરિયાની ઊંડાઇ માપવા માટે કયું સાધન વપરાય છે?
(અ) બેરોમીટર (બ) ફેધોમીટર
(ક) હાઇડ્રોમીટર (ડ) વિસ્કોમીટર

(૧૪) ભારતના કયા શહેરને 'અવકાશી શહેર' તરીકે ઓળખવામાં આવે છે?
(અ) બેંગ્લોર (બ) મુંબઇ
(ક) દિલ્હી (ડ) કલકત્તા

(૧૫) શરીરની 'માસ્ટર ગ્રંથી' કઇ છે?
(અ) થાઇરોઇડ (બ) એડ્રિનલ
(ક) ઇસ્ટ્રાડાયોલ (ડ) પિટ્યુટરી

ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૧૯ સપ્ટે. ૧૯૪૭ ટોરૂન ગારીન - નોર્વેના કેમિકલ એન્જીનીયર હતા. તેમણે સુગરના વિકલ્પ તરીકેનો પદાર્થ શોધ્યો હતો.
- ૧૯ સપ્ટે. ૧૯૧૫ એલિઝાબેથ સ્ટેર્ન - કેનેડામાં જન્મેલાં અમેરિકન પ્રથમ મહિલા પેથોલોજીસ્ટ
- ૨૦ સપ્ટે. ૧૮૯૪ કિંગસ્લેય નોબેલ - અમેરીકન બાયોલોજીસ્ટ, વર્ષો સુધી અમેરિકન નેચરલ હિસ્ટોરી મ્યુઝિયમમાં સેવા આપી.
- ૨૦ સપ્ટે. ૧૮૮૮ ડેવીડ મરીન - અમેરીકન પેથોલોજીસ્ટ, ગોઇટર અને આયોડિન વચ્ચેનો સંબંધ શોધ્યો.
- ૨૧ સપ્ટે. ૧૯૨૬ ડોનાલ્ડ એ ગ્લેસ્ટર - અમેરીકન ભૌતિક વિજ્ઞાની, ૧૯૬૦માં નોબલ પ્રાઇઝ વિજેતા
- ૨૧ સપ્ટે. ૧૯૦૯ રિચાર્ડ એચ. ફલેમિંગ - કેનેડીયમ - અમેરીકન દરિયાશાસ્ત્રી, દરિયાના પાણીના તત્ત્વો પર વિશેષ સંશોધન.
- ૨૨ સપ્ટે. ૧૯૫૪ સૌલ પર્લમટર - અમેરીકન અવકાશ ભૌતિકશાસ્ત્રી, સુપરનોવા વચ્ચેના અંતરોની શોધ બદલા ૨૦૧૧માં નોબેલ પ્રાઇઝ
- ૨૨ સપ્ટે. ૧૯૨૨ ચેનનીંગ યંગ - ચાયનીઝ-અમેરીકન ભૌતિક વિજ્ઞાની, ૧૯૫૭માં નોબલ પ્રાઇઝ મેળવનાર
- ૨૩ સપ્ટે. ૧૯૧૫ ક્લિફોર્ડ જી. શલ્લ - અમેરીકલન ભૌતિક વિજ્ઞાની, 'ન્યુટ્રોન સ્કેટરીંગ ટેકનિક' શોધ બદલ ૧૯૯૪માં નોબલ પ્રાઇઝ મળ્યું.
- ૨૩ સપ્ટે. ૧૮૮૦ સર જ્હોન બોયડ ઓર - સ્કોટલેન્ડના ભૌતિક વૈજ્ઞાનિક, બાયોલોજીસ્ટ અને રાજનેતા - ૧૯૪૯માં નોબલ પ્રાઇઝ મેળવનાર
- ૨૪ સપ્ટે. ૧૯૪૫ ઇયાન સ્ટેબર્ટ - ઇંગ્લીશ ગણિતશાસ્ત્રી તથા લેખક, 'મેથેમેટીકલ ગેમ્સ'ના લેખક
- ૨૪ સપ્ટે. ૧૯૩૦ જહોન યંગ - અમેરીકન અવકાશયાત્રી સ્પેસશટલના પ્રથમ કમાન્ડર
- ૨૫ સપ્ટે. ૧૯૦૪ કોલંબસ આઇસેલીન - અમેરીકન દરિયાશાસ્ત્રી, દરિયાની અંદરના સંશોધનો માટે સાધનો વિકસાવનાર વૈજ્ઞાનિક
- ૨૫ સપ્ટે. ૧૮૬૬ થોમસ હંટ મોર્ગન - અમેરીકન જનીન વૈજ્ઞાનિક તથા જુઓલોજીસ્ટ, ૧૯૩૩માં નોબેલ પ્રાઇઝ વિજેતા

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - લોકસભાના સાંસદ અને ઉ.પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવના ધર્મપત્નીનું નામ શું છે? જવાબ - ડિમ્પલ યાદવ

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ૬૨૦/૧, સે-૬બી
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) પરેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
(૪) નટુભાઇ દરજી : પેથાપુર

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ભારતની મુલાકાતે આવેલા ચીનના રાષ્ટ્રપ્રમુખની પત્નીનું નામ શું છે?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

(૧) બ (૨) ક (૩) બ (૪) અ (૫) અ (૬) ક (૭) ડ (૮) અ (૯) ડ (૧૦) ક (૧૧) બ (૧૨) બ (૧૩) બ (૧૪) બ (૧૫) ડ

ગુજરાત અને પાટણની આન, બાન અને શાનનાં પ્રતીક સમી પાટણની રાણકીવાવને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળતાં ગુજરાતનાં પ્રવાસન ઉદ્યોગને એક નવતર દિશા સાંપડી છે

ગુજરાતનું ગૌરવ - રાણકી વાવ

- જિતેન્દ્ર વી. શાહ

ગુજરાતમાં પાટણ એક અગત્યનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક નગર છે. પાટણને પોતાનો ભવ્ય ભૂતકાળ છે. લગભગ સાડા પાંચસો વર્ષ સુધી ગુજરાતની રાજધાની તરીકે રહી ચૂકેલ પાટણની આગવી સંસ્કૃતિ છે. પાટણ એ શ્રી અને સરસ્વતીનું ધામ ગણાતું. અને આવા ભૂતકાળમાં ગૌરવપ્રદ સ્થળ ધરાવતાં પાટણે એનું આગવું સ્થાન આજે પણ જાળવી રાખ્યું છે. પાટણના અનેક સ્થળો, સ્થાપત્યો જોવાલાયક છે. પાટણ હિન્દુઓનું કાશી અને જૈન ધર્મનું પિયર અને મુસ્લિમોનું બીજું મક્કા હતું.

તાજેતરમાં ૨૨ જૂન - ૨૦૧૪નાં રોજ કતારમાં દોહા ખાતે મળેલ વર્લ્ડ હેરિટેજ કમિટી સેશનમાં "પાટણની રાણકી વાવ" ને યુનેસ્કો (UNESCO-યુનાઇટેડ નેશન એજ્યુકેશન સાયન્ટીફીક એન્ડ કલ્ચર ઓર્ગેનાઇઝેશન) એ માન્યતા આપી છે. આ રાણકી વાવ હવે દેશની ૩૧મી વૈશ્વિક ધરોહર બની છે અને ગુજરાતમાં ચાંપાનેર પછી બીજી છે. જર્મની અને ફ્રાન્સનાં ૩૯ દર્શનીય સ્થળોને વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જયારે ઇટાલીમાં સૌથી વધુ ૫૦ સ્થળો વર્લ્ડ હેરિટેજમાં છે.

વર્લ્ડ હેરિટેજની યાદીમાં સ્થાન મળવાથી દેશવિદેશમાં આ સ્થળની પ્રસિદ્ધિ વધશે અને તેના પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થશે. ઉપરાંત યુનેસ્કો દ્વારા તેની જાળવણી માટે ફંડ પર પૂરું પાડવામાં આવશે. આજે આપણે પાટણની રાણકી વાવ વિશે દૃષ્ટિપાત કરવાનો નમ્ર પ્રયાસ કરીએ.

પાટણના મૂલ્યવાન સ્થાપત્યોની વાત કરવાની હોય એટલે સોલંકી યુગનાં જીવંત નજરાણા જેવી પાટણની રાણીની વાવને સૌ પ્રથમ સંભારવી પડે. રાણીની વાવ એટલે પુરાણ કથાઓ, નૃત્ય મુદ્રાઓ, શિલ્પો અને રેતીનાં પથ્થરમાં કંડારેલા સ્થાપત્યમાંથી નીતરતું અમાપ સૌંદર્ય કોતરણી અને કારીગરોની કસબ છે. ૧૧મી સદીમાં ગુજરાતની પાટનગર પાટણનાં પ્રતાપી રાજા ભીમદેવ પહેલાંની પત્ની ઉદયમતીએ ભીમદેવનાં અવસાન પછી પતિની સ્મૃતિમાં વાવ બંધાવી હતી. ભીમદેવનું અવસાન ઇ.સ. ૧૦૬૪ (વિક્રમ સંવત -૧૧૨૦) માં થયું હતું.

સદીઓની આર્નત ઉત્તર ગુજરાતમાં અવારનવાર દુષ્કાળ પડતા રહે છે. આથી પાણીની સમસ્યાનાં નિવારણ અને કલા - સ્મૃદ્ધિને પ્રોત્સાહન આપવાના શુભાશયથી રાણીએ વાવ બંધાવ્યાનું માની શકાય છે.

ઇ.સ. ૧૦૭૦માં વાવનો પ્રારંભ થયાનો અને ઇ.સ. ૧૦૯૦ના અરસામાં તે પૂર્ણ થયાનાં ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આમ ૧૧મી સદીમાં વાવ નિર્માણ પામી છે. રાણીની વાવ લગભગ ૨૧૨ ફૂટ (૬૫ મીટર) લાંબી, ૬૫ ફૂટ (૨૦ મીટર) પહોળી, ૮૧ ફૂટ (૨૫ મીટર) ઊંડી અને આશરે ૩૦૦ થી વધુ સ્તંભોવાળી અને સાત માળની રાણીનાં વાવનાં દર્શન શરીરમાં રોમાંચ જન્માવે છે. આ ભવ્યાતિભવ્ય સ્થાપત્ય મધ્યયુગીન ભારતની અને ખાસ કરીને ગુજરાતની અવર્ણનીય સ્થાપત્ય કલાની છડી પોકારે છે. સાથે સાથે તેમાં સોલંકી યુગમાં ગુજરાતની સાંસ્કૃતિક સમૃદ્ધિની ઝલક પણ વર્તાય છે. એના બાંધકામની શૈલી મેરૂ-ગુર્જર પ્રકારની છે. વાવનાં બાંધકામને ધ્યાનથી નિહાળતા ખ્યાલ આવી જાય છે કે એને જમીનની ઉપરને બદલે અંદર આકાર લેતા મંદિરની જેમ બાંધવામાં આવ્યું છે. આ શૈલી પાણીને પણ ઇશ્વર તુલ્ય ગણવાની ભારતીય સંસ્કૃતિનો એક પુરાવો છે. નાના મોટા મળીને વાવમાં ૧૫૦૦ જેટલાં શિલ્પો છે. યુનેસ્કો (UNESCO) એ રાણકી વાવને ભૂગર્ભ જળની જાળવણી માટેના ટેકનોલોજિકલ ડેવલપમેન્ટનું એક અગત્યનું ઉદાહરણ ગણાવ્યું હતું. અનેક ખાસિયતો ધરાવતી વાવ લાખેલી બની ગઇ છે! આ વાવનું ઝીણવટભર્યુ સૌંદર્ય અને તેના નિર્માણની આશ્ચર્યજનક પદ્ધતિ કલાનો એક અનોખો દાખલો છે. આ એવી વાવ છે જેને જોયા પછી કૂવા વિશેની માન્યતા પણ બદલાઇ જાય છે. આથી જ

"રાણકી વાવને દામોદર કૂવો

જેણે ન જોયા એ જીવતો મૂવો"

લોકમુખે ચર્ચાતા હશે.

રાણીની વાવ નાશ થવા માટેનું પ્રમુખ કારણ સરસ્વતી નદીમાં આવેલા પૂરને ગણવામાં આવે છે. પાટણમાં ત્યારે સરસ્વતી બે કાંઠે વહેતી હોવાનું સંભવ છે. અને રાણકી વાવ તેના પૂરનો ભોગ બની હોય તે માનવાને પ્રેરાવું પડે તેમ છે. આપણે રાણી ઉદયમતીના ઋણી છીએ જેના ખોળે આજે 'રાણકી વાવ' થકી પાટણનો પુનર્જન્મ થયો છે અને તેનો સૂરજ સોળે કળાએ ખીલીને વિશ્વને અજવાળવા જઇ રહ્યો છે. આ વાવની હવે આર્કિયોલોજી સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા જાળવણી કરવામાં આવી રહી છે.

રાણકીવાવની અંદર જેમ જેમ પગથિયા ઉતરતાં જઇએ તેમ તેમ એક અલગ જ વિશ્વમાં ગયાની અનુભૂતિ થતી જશે. એના પગથિયા આપણને શીતળ હવા, દેખાવડા સ્તંભવાળા ઝરૂખા, શિલ્પો અને કોતર કામથી શોભતી દિવાલો વચ્ચેથી ઊંડાણ સુધી લઇ જાય છે. આ વાવની અંદરના સાત ઝરૂખાઓમાં ૮૦૦થી વધારે શિલ્પો કંડારાયેલા છે એનો સૌથી મુખ્ય અને ઉડીને આંખે વળગે એવો વિષય છે, ભગવાન વિષ્ણુના દશાવતાર, વરાહ, નરસિંહ, રામ અને કલ્કી, બુદ્ધ જેવા અવતારના શિલ્પો વાવમાં જોવા મળે છે. દાનવ મહિસાસુર મર્દિની, સોળ શણગાર સર્જતી અપ્સરાઓ, સાધુઓ અને નાગ કન્યાઓના શિલ્પો પણ અત્યંત આકર્ષક છે. એક ખાસિયત એ છે કે આ વાવમાં પાણીના સ્તરની વિગતો દર્શાવવા માર્કિંગ પણ એ સમયમાં બતાવવામાં આવ્યા હતા. સાત સાત સ્તર પસાર કરીને વાવના તળિયા સુધી પહોંચાય છે. આજના દહાડે પાટણ શહેરની આથમણી ભાગોળે વિદ્યમાન રાણીની વાવ એક હજાર વર્ષની દીર્ઘ મજલ સર કર્યા પછી પણ અતિતનાં એ યશસ્વી કાળની અને તેની પ્રભાવની ઝાંખી કરાવે છે. ગુજરાતનાં ભવ્ય ભૂતકાળનાં સગડ આપતી રાણીની વાવનું શિલ્પ નયનાકર્ષક છે. સામાન્ય રીતે નંદા, ભદ્રા, જયા અને વિજયા એમ ચાર પ્રકારની વાવ હોય છે. રાણીની વાવ જયા પ્રકારની વાવ કહી શકાય.

પાણીના ઘણા સ્વરૂપો છે. પાણી જીવનનો આધાર પણ છે અને તે જ પાણી જયારે તાંડવ કરે ત્યારે જીવનનાં અંતનું કારણ પણ બની રહે. પાણી શુદ્ધતાનું પ્રતીક છે. તો જોડે જોડે ગંદકીના ફેલાવ માટેનું એક માધ્યમ પણ. પૂજા-અર્ચનામાં પાણી એક ભાવના સાથે વપરાય છે. તો અંતિમ સંસ્કારમાં પાણીને જુદા જ પ્રકારના પ્રતીક તરીકે લેવાય છે. ક્યાંક પાણી સર્જનનું નિમિત્ત બની રહે છે તો ક્યાંક તે વિનાશનું કારણ હોય છે. પાણી સ્થિર સ્થિતિમાં હોય ત્યારે શાંતિની અનુભૂતિ કરાવે અને ધસમસતાં પાણીથી અસ્થિરતાનો ભાવ પ્રબળ બની રહે. પાણીના આવા જુદા જુદા સ્વરૂપો સ્થાપત્યમાં પણ યોગ્ય રીતે આલેખાયા છે. પાણીના વિનાશકતોન નાથવા જાણે ઘાટ બનાવાયા છે. તો તે જ પાણીને ક્રિયાકાંડમાં ઉચ્ચ દરજ્જો આપવા પૂર્ણ ભૌમિતિક નિયમો પ્રમાણેના કુંડ બનાવાયા છે. વાવની રચનામાં જાણે પાણીની ગહનતા પ્રતિબિંબિત કરાઇ છે. પાણીના જેટલા અર્થ નીકળે તેટલા અર્થ સ્થાપત્યમાં દર્શાવવાના પ્રયત્નો થયાં છે.

અમદાવાદથી ૧૨૮ કિ.મી. અને ગુજરાતના પાટનગર ગાંધીનગર ૧૧૦ કિ.મી. દૂર પાટણ આવેલ છે. આથી અનુકૂળતા હોય તો એકાદ દિવસ ફાળવીને હવે પાટણની રાણકી વાવની મુલાકાત લેવાનું ભૂલતા નહીં. આખા દેશની કેટલીય વાવમાં આ વાવ સૌથી વિશિષ્ટ, વિશેષ અને ચડિયાતી છે. આ રાણકી વાવ સવારે ૮ થી સાંજના ૬ વાગ્યા સુધી પ્રવાસીઓ માટે ખુલ્લી રહે છે. ભારતીયો માટે વાવ જોવા માટે રૂા. ૫/- જેટલી ટોકન ફી ચૂકવવાની રહે છે. જયારે વિદેશીઓ માટે આ ફી બે અમેરિકન ડોલર એટલે કે આશરે રૂપિયા ૧૬૦/- છે. પુરાતત્ત્વ ખાતા દ્વારા વાવને ફરતો સુંદર બગીચો બનાવાયો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

જે રાહ જુએ છે તે માતા હોય છે

When you are a mother, you are never really alone in your thoughts

- Sophia Loren

(જયારે તમે મા બનો છો ત્યારે તમે વાસ્તવમાં કદીયે એકલાં હોતા નથી)

આ વિચાર છે અભિનેત્રી સોફિયા લોરેનનો અને એનામાં રહેલી માતાનો પણ. સ્ત્રી અભિનેત્રી હોય કે અન્ય કોઇ પ્રતિષ્ઠિત વ્યવસાયમાં, પણ સૌ પહેલાં એ માતા હોય છે. એની ચેતનાનો મહત્તમ હિસ્સો એના સંતાનોએ રોકી લીધો હોય છે. સ્ત્રી ગમે ત્યાં હોય અને કોઇ પણ કામમાં વ્યસ્ત હોય ત્યારે પણ અસંપ્રજ્ઞાતપણે - એક અદૃશ્ય તંતુથી એ એનાં સંતાન સાથે સતત જોડાયેલી હોય છે.

બહુ જાણીતી ઉક્તિ છે. 'જે રાહ જુએ છે તે મા હોય છે.' વાસ્તવમાં, સ્ત્રીમાં માતૃત્વની ભાવના એટલી પ્રબળ હોય છે, જે એને પોતે છેક બાળક હોય છે ત્યારથી માતા બનવાની ઝંખના જગાડે છે. છેક શૈશવથી સ્ત્રીમાં પોતાના બાળક માટેની પ્રતીક્ષા આરંભાઇ જતી હોય છે. બાળકની ઝંખના એની વય વધતી જાય તેમતેમ વૃદ્ધિ પામતી જાય છે. ઘેઘૂર થતી આ ઇચ્છા સ્ત્રીને કયારેય એકલી પાડી દે છે. અલબત, બાળકનો જન્મ થયા પછી સ્ત્રીના જીવનનું બધું ઝડપથી બદલાઇ જાય છે. એ વ્યસ્ત બની જાય છે. પછી એ કદીયે એકલી હોતી નથી. એ જે વિચારે છે તે પોતાના બાળકને સામેલ રાખીને વિચારે છે.

નવજાત બાળકને માનો સ્પર્શ થાય છે તે મા અને બાળકના જીવનની મોટી ઘટના છે. પોતાના પ્રથમ બાળકને જન્મ આપ્યા પછી

અક્ષયપાત્ર

- બકુલ દવે

માના વ્યક્તિત્વ ફરતે રહેલી એકલતાની કાંચળી ઊતરી જાય છે. બાળકને માતા પ્રથમ સ્પર્શથી જે ઊર્જા મળે છે તેવો પ્રભાવ એના જીવનમાં કાયમ રહે છે. માના સંસ્કાર, સદ્‌ગુણ અને પ્રકૃતિની છાપ બાળકમાં ઊંડે સુધી ઊતરી જાય છે જે સમયે સમયે એનામાં પ્રગટ થતી રહે છે. કદાચ, આ કારણસર મોટા ભાગની વ્યક્તિઓ એવું વિચારે છે - ઇચ્છે છે કે એમને આ જન્મમાં જે માતા મળી છે તે જન્મોજન્મ મળે. વાસ્તવમાં દરેક માતા મહાન હોય છે. પોતાના સંતાન માટે અદ્વૈતભાવ જન્માવતો માનો સ્નેહ અને એનું સમર્પણ એને આધ્યાત્મિક ઊંચાઇએ લઇ જાય છે. દરેક માતા માટે આવી ઉચ્ચત્તમ ક્ષણોનું એનું સંતાન કનૈયો હોય છે અને એ પોતે યશોદા.

> **વાસ્તવમાં દરેક માતા મહાન હોય છે. પોતાના સંતાન માટે અદ્વૈતભાવ જન્માવતો માનો સ્નેહ અને એનું સમર્પણ એને આધ્યાત્મિક ઊંચાઇએ લઇ જાય છે**

પ્રત્યેક સ્ત્રીના હૃદયમાં બાળક માટે સ્નેહની ધારા અખૂટ વહ્યા કરતી હોય છે. એટલે એ શારીરિક રીતે બાળકને જન્મ આપવા માટે સક્ષમ ન હોય તોપણ માતા બની જ શકે છે. કોઇ પણ બાળકને હૈયાસરસું ચાંપી એ સ્નેહ ઢોળી શકે છે. યશોદા કયાં શ્રીકૃષ્ણનાં જન્મદાત્રી હતા? તોપણ આપણે કૃષ્ણનાં માતાની વાત આવે ત્યારે પહેલાં યશોદાને યાદ કરીએ છીએ તે પછી દેવકીને.

સ્ત્રી સાચ્ચે જ ભાગ્યશાળી છે પુરુષ કરતાં. સ્ત્રી કોઇ પણ દેશ, જાતિ-જ્ઞાતિ અને વર્ણની હોય પણ તે માતૃસ્વરૂપા છે. એનું માતૃત્વ - એણે બાળકને જન્મ ન આપ્યો હોય તો પણ - એને એકલી પડવા દેતું નથી. આ ક્ષણે ચંડીપાઠની કંડિકાનું સ્મરણ થાય છે.

યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતામ્,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમ: ।